

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

તૂટ્યો ભરોસો બેન્કથી, સરકાવી દે રોકડી ના,
વટક્યો વેપારી પણ, પરખાવી દે રોકડી ના,
થયો નાતો અર્ધી કાંઠી, ફરકાવી દે રોકડી ના,
પત્ની પણ સ્મિત સાથે, મરકાવી દે રોકડી ના...

હાઈકુ

માને સૌ કોઈ,
આ, ઘરની 'ધોરાજી' -
લૂંટારા પણ...

નાખ્યો પથ્થર,
છંછેડ્યો મધપૂડો -
કાળાં નાણાંનો...

### ચિંતન

**યેન ખટ્વાં સમારૂઢઃ પરિતપ્યેત કર્મણા ।**
**આદાવેવ ન તત્ કુર્યાદધ્રુવે જીવિતે સતિ ॥**

ઉપરોક્ત શ્લોક વિદૂરનીતિમાંથી લેવામાં આવેલ છે. જે કર્મ કરવાથી પલંગપર પણ સંતપ્ત થવું પડે, તે (કર્મ) જીવન અનિશ્ચિત - અસ્થિર હોવાથી આરંભવું જ નહિ.

જીવન અસ્થિર હોવાથી એવું કર્મ જ કરવું, જેથી પલંગ ઉપર પણ સંતાપ ન થાય, પલંગમાં પણ ચિંતામાં પડાય તેવું કર્મ ન કરવું.

કરેલાં કર્મ (સારાં કે ખરાબ) નું ફળ અવશ્ય મળે છે. કેટલાંક કર્મ એવાં હોય છે જેનું ફળ તરત - આ જન્મમાં જ મળી જાય છે. જયારે કેટલાંક કર્મ ભાવિ જન્મોમાં મળે છે.

જૈન ધર્મનાં એટલે જ 'કર્મ બાંધવું નહિં' એ સિદ્ધાંત છે ઘણી વાર સત્કર્મો પાછળની ભાવના પણ દુષિત હોય તો તે સારું પરિણામ ન આપે. ગીતાજીમાં પણ કર્મયોગમાં 'તાટસ્થ્ય' શ્રતિ કેળવવાની સલાહ આપવામાં આવી છે. નિર્લેપ રહી - ફળની આશા રાખ્યા વિના કર્મ - કર્તવ્ય - ફરજ બજાવવાં જોઈએ.

### સુવિચાર

- જેને પોતાના ગૌરવનું ભાન છે તે કોઈ પણ ચીજ મફત મેળવવાને બદલે પોતાની મહેનતથી મેળવવાની ખેવના રાખે છે - **સ્વામી રામતીર્થ**
- આંખો પર ભરોસો રાખો કાન પર નહીં, જે દેખાય તે સાચું સાંભળેલું કાચું - **એસ. ભટ્ટાચાર્ય**
- આપણા ઉપર કોઈને દયા ઉપજે તેના કરતાં ઈર્ષા ઉપજે તે વધુ સારું - **કાંતિ ભટ્ટ**
- સંજોગો તમારું સર્જન કરે તેને બદલે તમે સંજોગોનું સર્જન કરો - **રામકૃષ્ણ પરમહંસ**
- માણસ શું છે તેનું પારખું માત્ર આપત્તિ જ કરવી શકે - **સંત રોબિત**
- અસફળતાનું વાતાવરણ, સરળતાનું બીજ રોપવા માટેનો સર્વશ્રેષ્ઠ સમય છે - **મુંબઈ સમાચાર**
- આજનું ઔષધ : સરસવના તેલમાં આદુ છુંદી તેને નવશેકું ગરમ કરી આ તેલ સાંધા પર લગાવવાથી દર્દમા રાહત થાય છે. **(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજકાલના વિદ્યાર્થીઓ મોબાઈલ પર મેસેજ લખવા-વાંચવામાં એટલા બધા ઓતપ્રોત હોય છે કે કોઈ એને શું સૂચના આપે છે એ પણ સાંભળતા નથી - સમયનું ભાન રહેતું નથી. પરંતુ જયારે 'વાંચવા' બેસાડવામાં આવે ત્યારે દૂર-દૂરના લગ્નના વાજાં પણ તેમને ખલેલ પહોંચાડતાં હોય છે. આપણે કોઈ પણ બાબતમાં કેટલા ઓતપ્રોત છીએ એ સામે ખબર પડે!

હઝરત મહમદ સાહેબના ઘર પાસે એક દુષ્ટ ઈર્ષાળુ રહેતો હતો. બરાબર નમાજનો સમય થાય ત્યારે વાંજા-ઢોલ વગાડતો.

મહમદ સાહેબનો એક શિષ્ય પણ એક દિવસ નમાજ સમયે ત્યાં હાજર હતો. નમાજ પૂરી થઈ ત્યારે શિષ્યએ કહ્યું - નમાજ વખતે તમે આવો કોલાહલ સાંભળી સહન કેમ કરો છો?

હઝરતે પૂછ્યું - તમે કોલાહલ સાંભળ્યો?

એનો અર્થ એ કે તમારું ચિત્ત નમાજમાં નહીં પણ બહારના કોલાહલમાં હતું...

શિષ્યને ભૂલ સમજાઈ.

# વિપક્ષી એકતાનો અભાવ એ જ મોદીની તાકાત

૨૮ ડિસેમ્બર, ૧૮૮૫ના દિવસે દેશી હિંદવાસીઓના પ્રશ્નો રજૂ કરવાના ઉદ્દેશ્યથી રચાયેલી ઈન્ડિયન નેશનલ કોંગ્રેસે એની કારકિર્દીના એકસો એકત્રીસ વર્ષ દરમિયાન અનેક રૂપરંગ બદલ્યા છે અને છેલ્લાં વર્ષોમાં ઘણી ચડઊતર પણ જોઈ છે. હ્યૂમ જેવા અંગ્રેજની પ્રેરણાથી સ્થપાયેલી આ સંસ્થાને 'દેશના દાદા' ગણાતા દાદાભાઈ નવરોજી અને હિંદકેસરી લોકમાન્ય ટિળક, ગોપાલકૃષ્ણ ગોખલે, લાલા લાજપત રાય અને મોતીલાલ નહેરુ કે મદનમોહન માલવીયથી લઈ ઈંદિરા ગાંધી અને સોનિયા ગાંધી સુધીની વિશાળ રેન્જની અને વિશિષ્ટ વ્યવક્તિત્વવાળી પ્રતિભાઓનું નેતૃત્વ સાંપડતું રહ્યું છે, પરંતુ એ બધામાં મહાત્મા ગાંધી, સરદાર પટેલ, જવાહરલાલ નહેરુ અને અબુલ કલામ આઝાદ જેની નેતાગીરીનો સમય ખરેખર એના ઈતિહાસનો સુવર્ણકાળ હતો. કોંગ્રેસમાં વારંવાર ભાગલા પણ પડતા રહ્યા છે. સૌથી નોંધપાત્ર ભાગલા મવાળ અને જહાલ જૂથો તરીકે ઓળખાતી ટિળક-ગોખળેની કોંગ્રેસના હતા કે ઈંદિરા - મોરારજી સમયની કોંગ્રેસના તેનો નિર્ણય ઈતિહાસકારો પર છોડી દઈએ, તો પણ અત્યારે રાહુલ ગાંધીના નેતૃત્વ હેઠળની કોંગ્રેસ એ કદાચ સૌથી નબળો સમયગાળો ધરાવતી કોંગ્રેસ છે, એ મુદ્દે ભાગ્યે જ બે મત હોઈ શકે. રાહુલ ગાંધીએ રચવાતા મને કોંગ્રેસનું સુકાન સંભાળ્યા પછી હજી તેઓ એના અધ્યક્ષપદે બિરાજ્યા નથી. વડાપ્રધાન નરેન્દ્રમ મોદીએ દેશમાંથી કોંગ્રેસને નામશેષ કરવાની પ્રતિજ્ઞા લીધી છે, જેમાં ભાગ્યની દેવી એમને સાથ આપી રહી હોય એમ લાગે છે. નોટબંધી મુદ્દે રાહુલ ગાંધી એ સર્વ-વિપક્ષી બેઠક બોલાવવાનો પ્રયાસ કર્યો એમાં એમને અડધો અડધ સંખ્યામાં વિપક્ષી પાર્ટીઓનો સહયોગ મળેલ નથી. ધીરે-ધીરે રાષ્ટ્રીય ફલક પરથી પ્રદેશ કક્ષાની પાર્ટી જેવી સ્થિતિમાં મુકાઈ ગયેલી કોંગ્રેસ ફરી પાછી રાષ્ટ્રીય પાર્ટી તરીકે ઉપસી આવી એવું કોઈ પણ પ્રાદેશિક પાર્ટી ઈચ્છતી થી. કોંગ્રેસમાંથી અલગ થયેલાં તૃણમૂલ નેતા મમતા બેનરજીએ પશ્ચિમ બંગ પૂરતું વર્ચસ્વ જાળવી રાખ્યું છે અને તેઓ રાહુલને સાથે આપી રહ્યાં છે, પરંતુ બિહારમાં મોદી સાથે ખભેખભા મિલાવી લડનારા જદયુ અને રાજદના નેતાઓ નોટબંધી મુદ્દે સામસામું વલણ અખત્યાર કરી રહ્યા છે.

રાહુલ-મમતાની બેઠકમાં માર્ક્સવાદી સામ્યવાદી પાર્ટી, જનતા દળ (યુ), સમાજવાદી પાર્ટી અને બહુજનસમાજ પાર્ટી ગેરહાજર રહી છે, તે વિપક્ષોમાં આ મુદ્દે પ્રવર્તતી અવઢવ ઉપરાંત કોંગ્રેસના નેતૃત્વ સાથે વાંધો હોવાનું પણ સૂચક છે. રાહુલ ગાંધી અને મમતા બેનરજીના મુદ્દાઓને દેશ ગંભીરતાથી ત્યારે જ લઈ શકે જયારે તેઓ નક્કર પુરાવાઆ સાથે આગળ આવે. ખરી વાત તો એ છે કે નોટબંધીથી સૌથી વધુ મુશ્કેલીમાં આવી ગયેલ વર્ગો જ ભાજપના પ્રખર સમર્થકો હતા. નોટબંધીથી ગરીબોને કયા ફાયદો થઈ ગયો તે હજી નક્કી થયું નથી, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી

**તંત્રીસ્થાનેથી...**

અને ગરીબોના હિતમાં લેવાયેલ પગલુ ગણાવે છે. રાહુલ ગાંધી અને મમતા બેનરજીએ ૫૦ દિવસમાં સ્થિતિ સમધારણ કરી દેવાશે એવી વડાપ્રધાને કરેલી વાતની હાંસી ઉડાવવા માંડી છે અને આ પગલાંને ગરીબો તથા મધ્યમ વર્ગની આર્થિક આઝાદી ઉપરની તરાપ ગણાવી છે.

રાહુલે કાળાં નાણાં નાથવાને બદલે વડાપ્રધાને કેશ બદલવા માટે નવા કાળા બજારનું સર્જન કર્યું હોવાનો આક્ષેપ પણ કર્યો છે. આ જ વાત કેટલાંક નામાંકિત અખબારો પણ કરી રહ્યા છે. પરંતુ દેશમાં મોદીની બરોબરી કરી શકે એવું વિપક્ષી નેતૃત્વ, એવો કદાવર નેતા નથી, તે સૌથી મોટી સમસ્યા છે. ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં ગરીબો, ખેડૂતો અને નીચલા થરના મતદારોનો બહુ જ મોટો સમૂહ છે. મોદીની નોટબંધી આ વર્ગો પણ કેવી અને કેટલી અસર કરશે તે તો ચૂંટણીના પરિણામો પછી જ સમજડાશે. હાલ તો ઉત્તરપ્રદેશમાં સત્તા ટકાવી રાખવા સમાજવાદી પાર્ટી એક તરફ કોંગ્રેસ સાથે પોતાની શરતે ગઠબંધનના મૂડમાં છે તો બીજી તરફ જેની સત્તા પર વાપસી સુનિશ્ચિત મનાતી હતી તે બસપાનાં નેતા માયાવતી એકલપંડે મોદી સામે ઝઝૂમી રહ્યા છે. કોંગ્રેસ તો આમ પણ મેદાન ગુમાવી ચુકેલી પાર્ટી છે પરંતુ ઉત્તરપ્રદેશોની વિધાનસભાની ચૂંટણી પૂર્વે નોટબંધી કરીને કાળા ધન ઉપરાંત 'કાળા મન' વાળાઓની પણ ખબર લઈ નાખ્યાની વાત કરનારા મોદી આ ચૂંટણી સૌથી મોટો પડકાર બની રહેનાર છે, એમાં કોઈ શંકાને સ્થાન નથી.

# આદું અને હળદર ખૂબ અસરકારક, પ્રભાવશાળી અને સુલભ ઔષધો છે

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય



જ્યારે છાપામાં પહેલા કે બીજા પાને જ ઠંડીનો પારો ગગડવાના સમાચારો છપાય ત્યારે સમજવું કે શિયાળો પૂર્ણતઃ બેસી ગયો છે. ગાંધીનગર રાજ્યનું બીજું કે ત્રીજું ઠંડુ શહેર બની જવાના સમાચારો રોજેરોજ છપાય છે. તેની પ્રેક્ટીકલ અસરો પણ વર્તાય છે. આજથી પંદર-વીસ દિવસ પહેલા ગુલાબી ઠંડીને માણવા ઉત્સાહી થઈને સવારના છ વાગ્યે વોકિંગ કરવા નિકળી પડતા લોકોની સંખ્યામાં ધરખમ ઘટાડો જોવા મળ્યો છે, સવારે વહેલા ઉઠવાનું મન જ નહિં થતું હોય એમા વોકિંગ તો વળી ક્યાંથી??



આ બધાની વચ્ચે એટલું તો ચોક્કસ કહેવાનું કે શિયાળો સ્વાસ્થ્ય અને સ્ફૂર્તી બનાવવાની સીઝન છે. માર્કેટમાં મળતા અઢળક (અને સસ્તા) શાકભાજીઓનો પેટભરીને ઉપયોગ કરી લેવાનો અને તેના ફાયદાઓ પણ મેળવી લેવાના. આ શાકભાજીઓમાંના જ બે ઉત્તમ ગુણકારી અને સુલભ એવા આદુ અને હળદરની આજે વાત કરીએ. જેને આપણે અંગ્રેજીમાં જીંજર કહીએ છીએ તે આદું બહુગુણપ્રધાન છે. સ્વાદે મુખ્યતઃ તીખું એવું આદું ગુણમાં થોડું ગરમ છે, પચ્યા પછી મધુરભાવને પ્રાપ્ત થાય છે અને શ્રેષ્ઠ પાચક, ભૂખ લગાડનાર, અને એન્ટીઓકસીડન્ટ છે. આદુ સુકાય એને સૂંઠ કહેવાય. આદુ અને સૂંઠના ગુણો અમુક અંશે અલગ છે. આદુનો ગુણ રૂક્ષ (ડ્રાય કરવાનો) છે જ્યારે સૂંઠનો ગુણ સ્નિગ્ધ છે. આદુ કબજીયાત દૂર કરે છે, શરીરનો સોજો ઓછો કરે છે, શરીરની ઈમ્યુનિટી વધારે છે (એટલે શિયાળું શરદી-તાવમાં ખૂબ અસરકારક છે), જઠરાગ્નિ પ્રદિપ્ત કરે છે, આદુંમાં રહેલ 'જીંજરોલ' નામનું તત્વ શરીરનો સોજો (ઈંફ્લામેશન) ઓછો કરે છે અને એન્ટીઓક્સીડન્ટ તરીકે પણ કામ કરે છે. આદું ઉલ્ટી-ઉબકા બંધ કરે છે. જે લોકોને બસ-ગાડીમાં ઉલ્ટી થવાની ફરીયાદ હોય તે લોકો પ્રવાસ દરમિયાન આદુની નાની કટકી ચગળે તો મોટેભાગે ઉલ્ટી ઉબકા નહિં થાય. આદુ કેંસર માટે જવાબદાર તત્વોનો નાશ કરે છે, સ્નાયુના દુખાવા અને સંધિવા માટે પણ આદુ ફાયદાકારક છે. આદું કોલેસ્ટેરોલ ઓછું કરે છે તેમજ શ્યુગર લેવલ પણ ઘટાડે છે. આથી હાર્ટ અને ડાયાબિટીસના દર્દીઓ આદુંનું નિયમીત સેવન કરી શકે. આદું બ્રેઈન માટે પણ હિતકર છે.

આદું જેવું જ અને તેના જ વર્ગનું બીજું ઔષધ એટલે હળદર. અત્યારે લીલી હળદર ખૂબ મળે છે. હળદરના ગુણો વિષે ભાગ્યે જ કોઈ અજાણ હશે. હળદર શ્રેષ્ઠ એન્ટીસેપ્ટીક છે. એટલે તે શરીરમાં થયેલા ઈન્ફેક્શનને દૂર કરે છે. હળદર ડાયાબિટીસનું શ્રેષ્ઠ ઓસડ છે. હળદર લોહી સુધારે છે, એટલે ચામડીના રોગોમાં અસરકારક છે. હળદર શરદી-તાવ-ગળું પકડાઈ જવું આદિ રોગોમાં ખૂબ ઈફેક્ટીવ છે. હળદરમાં રહેલ 'ક્યુરક્યુમીન' નામનું તત્વ ખૂબ પ્રભાવશાળી છે. આ તત્વ શરીરનો સોજો ઓછો કરે છે, બ્રેઈન ને પોષણ આપે છે, તે બ્રેઈનના એક હોર્મોન - બી.ડી.ઍમ.એફ. નું લેવલ વધારે છે જે મગજનાં નવા કોષોના નિર્માણ માટે અને તે કોષોનો ઘસારો અટકાવવા માટે જરૂરી છે. આદુંની જેમ જ હળદર પણ કેન્સર અટકાવવા માટે સક્ષમ છે અને અમુક કિસ્સાઓમાં કેન્સરના કોષોને મારવા માટે પણ સક્ષમ છે.

આમ, આદું અને હળદર ખૂબ અસરકારક, પ્રભાવશાળી અને સુલભ ઔષધો છે. આ બન્ને પ્રકૃતિએ ગરમ હોવા છતાં શિયાળામાં જો નિયત માત્રામાં લેવામાં આવે તો ગરમ પડતા નથી. બાળકોથી લઈને મોટાઓ સુધીના દરેકને આદું-હળદરનો રસ તાસીર પ્રમાણે રોજેરોજ અર્ધી થી બે ચમચી સુધી આપી શકાય. મળીએ ફરી ૨૦૧૭ માં...

- contact@atharvaayu.com

# ઓગણત્રીસમાં જ્ઞાનસત્રની આડીઅવળી વાતો

મનના ઉમંગો
રણછોડ પરમાર



તારીખ છવીસમી ડિસેમ્બર એટલે બોક્સિંગ ડે. ગુજરાત સરકાર આ દિવસે મરજીયાત રજા આપે છે. હું જયારે સરકારની સેવામાં મારું જીવન પસાર કરતો હતો ત્યારે આ છેલ્લી મરજીયાત રજાનો ઘણીવાર ઉપયોગ કરતો. ગુજરાત સાહિત્ય પરિષદ આ દિવસોમાં જ તેના અધિવેશન કે જ્ઞાનસત્ર યોજાતી હોવાથી આ મરજીયાત રજા સરસ કામમાં આવી જતી. હવે તો આપણા રામને બારે મહિના મરજીયાત રજા જ છે. આમ છતાં બપોરના સાડા અગિયાર વાગ્યાના સુમારે મને બોક્સિંગ ડે મગજમાં ચમકી પડ્યો. ગાંધીનગરથી લાડોલ મિત્રપુત્રની ગાડીમાં જતાં જતાં વિચાર આવ્યો કે અરે ભાઈ ગઈ કાલ અત્યારે અને આ સમયે પરિષદના મંત્રી શ્રી પ્રભુલ્લભાઈ દવે જ્ઞાનસત્રની પૂર્ણાહૂતિના ભાગરૂપ એવું છેલ્લું આભારદર્શનનું કર્તવ્ય બજાવી રહ્યા છે. મોટાભાગના ડેલીગેટ્સ ઉતારા ઉપર પોતાના બેગબિસ્તરા તૈયાર કરીને આવી ગયા હતા. આભારદર્શન પૂરું થતાંની સાથે ગુજરાત સાહિત્ય પરિષદનું ૨૯મું જ્ઞાનસત્ર પૂર્ણ થશે અને એક મોટા વડલા હેઠળ ત્રણ દિવસથી કિલ્લો કરતો પંખીમેળો અંતિમ સ્વાદિષ્ટ ભોજન આરોગી મહંદઅંશે તો ભોજનમાં પીરસેલી વાનગીઓની વાતો કરતાં કરતાં વિખેરાઈ જશે. તમે નહીમાં માનો પણ ખરેખર એવું જ બન્યું.

પ્રફુલ્લભાઈ બધા આયોજકોનો આભાર માને તે પહેલાં યજમાન કિશોરસિંહ સોલંકી અને પરમપૂજ્ય વિજયરત્નસોમજી મહારાજ સાહેબ જ્ઞાનસત્રમાં પધારેલા સર્વે મહેમાનોનો આભાર માયો હતો. અસ્મિતાપર્વમાં સાહિત્યસર્જકો પ્રવચનો કરે છે અને સંત મુરારિ બાપુ, શાંતચિત્તે સાંભળે છે બસ એવી રીતે મહારાજ સાહેબ બધા પ્રવચનમાં આવી જતા અને સામેની હરોળમાં બેસી જતા. એમની હાજરીથી સર્વે વક્તાઓના હૃદયમાં ખુશી વ્યાપી જતી હતી. અને આટલા બધા શબ્દપ્રેમીઓના સાંનિધ્યમાં મહારાજ સાહેબની છાતીમાં પણ આનંદ હિલોળા લેતો હશે. એમણે સદાય ધાર્મિક સત્સંગ માણ્યો હશે પણ અહીંની વાત અનોખી હતી. અહીં તો વાર્તા, નવલકથા, કવિતા, નાટક, માનવવિદ્યા, નારીચેતના, દલિતો અને ડિજિટલ દુનિયાની વાતો હતી. કેટકેટલો અભ્યાસ રીને વક્તાઓ આવ્યા હતા? કયાંક, કયાંક મતભેદ ઊભા થતા હતા પણ વાદવિવાદને કોઈ સ્થાન ન હતું. પાંચમી બેઠકમાં ધવલભાઈ મહેતાએ 'વાદ-વિવાદ સાહિત્યમાં અને અર્થશાસ્ત્રમાં' બાબતે વિશદપણે વિચારો રજૂ કર્યા. એમના પ્રત્યે કોઈ કોઈ જગ્યાએ અસમંતિ દર્શાવી પડે તેવા વિધાન થયા હશે પરંતુ વાદ-વિવાદ બિલકુલ ન થયો. સંતની હાજરીની અસર હશે, નહીં ?

મહારાજ સાહેબ જયારે બોલ્યા કે, 'હવે તો બધા ભોજન લીધા પછી સૌ સોના ઘેર ચાલ્યા જશે. આ કિશોરસિંહ પણ આજે જવાનું કહે છે. આ ક્ષણ દિવસ આટઆટલો આનંદ કર્યા પછી હું તો એકલો થઈ જવાનો. એક-બે દિવસ તો ગમશે નહીં.' તે સાંભળી બધા અભિભૂત થઈ ગયા. પરંતુ. સમયની માંગ હતી. જ્ઞાનસત્ર પૂરું થવાનું હતું. અને આખરે સૌએ છૂટા પડવાનું હતું. પરંતુ આ જ્ઞાનસત્રમાં જેણે જેણે ભાગ લીધો હશે એમના માટે એક આનંદનો અવસર બની જવાનો હતો. કદી ના ભૂલા તેવો પ્રસંગ.

એવું તો શું બન્યું આ કાર્યક્રમમાં ? બધા પહેલી જ વાત કરશે, ચા-નાસ્તા અને ભોજનની, બીજી વાત કરશે મહેમાનગતિની, ત્રીજી વાત કરશે. આવાસ-ઉતારાની અને છેલ્લે વાત કરશે વક્તાઓએ આપેલા પ્રવચનોની. ખરેખર તો સાહિત્યવિષયક કાર્યક્રમોમાં પહેલી વાત સાહિત્યની કરવાની હોય એટલે સર્વે વક્તાઓએ આપેલા ભાષણો (સાલું ભાષણ શબ્દ બરાબર ગોઠવાતો નથી, એમ કરો વ્યકતવ્ય રાખો કે રજૂ કરેલા વિચારો રાખો) એટલા બધા ગહન અભ્યાસ બાદ અને એટલી સરસ રીતે રજૂ કરવામાં આવ્યા હતા કે ભાગ્યે જ કોઈ શ્રોતાને કંટાળીને ઊભા થવું પડ્યું હશે ? ઉદ્ઘાટન બેઠકમાં અધ્યક્ષ ચંદ્રકાન્ત ટોપીવાળાના પ્રવચન વિશે રઘુવીરભાઈ ચૌધરી બોલ્યા વગર ના રહી શક્યા કે 'ચંદ્રકાન્તભાઈ ખૂબ સરસ બોલ્યા અને પાછું એકદમ સરસ બોલ્યા.' ટોપીવાળા સાહેબે તો પાછું આભારદર્શન વખતે ફક્ત બે જ શબ્દોથી કામ ચલાવી લીધુ. જો કે પછી પ્રફુલ્લભાઈએ એમના બચેલા સમયનો પૂરેપૂરો ઉપયોગ કરી લીધો. બીજી બેઠક એટલે કે શતાબ્દી વંદનાના કાર્યક્રમમાં બાલમુકુન્દ દવે અંગે હરિકૃષ્ણ પાઠક અને વેણીભાઈ પુરોહિત બાબતે ઉદયનભાઈ ઠક્કર એટલું બધું સરસ બોલ્યા કે જો મારું ચાલે તો આ બંને પ્રવચનોની એક પુસ્તિકા બનાવીને ગામેગામ વહેચું. મેં તો હરિકૃષ્ણભાઈને તેમના વકતવ્યની એક નાનકડી પુસ્તિકા બનાવવા વિનંતી કરી. ઉદયનભાઈએ વેણીભાઈની ઘણી બધી વાતો રજૂ કરી. એમના પ્રવચન પછી બધા સ્વાદિષ્ટ ભોજન મળ્યાની તૃપ્તિ અનુભવતા હતા ત્યાં જ પૂર્વપ્રમુખ વર્ષાબેન અડાલજા ઊભા થયા. એમણે એક પ્લાલો પાણી પી એટલી સરસ વેણીભાઈના જીવનની અંગત પળોની વાતો કરી ક બધાના હૈયે શીતળ જળની નહીં પણ મસ્ત મસ્ત આઈસ્ક્રીમની ઠંડક વ્યાપી ગઈ. કુંભ સહેજે અધૂરો ન હતો છતાં કેસરનું એક બુંદ પડ્યું સઘળું જળ સુગંધિત, રંગીન, સુવાસિત થઈ ગયું.

બધી વાતો કરીને મુસાફિર પાલનપુરીની ગઝલો વિશે કશું ના કહું તો હું મારી જાતને માફ ના કરી શકું. મુસાફિરે પાલનપુરી બોલીમાં એવી તો અજબગજબની ગઝલો રજૂ કરી કે આખો મંડપ 'વાહ, વાહ'થી છલકાઈ ગયો, આ વાહવાહીના પડઘા પાલનપુરીની શેરીઓમાં સંભળાતા હોય તો નવાઈ ના કહેવાય. મુસાફિરે ચોવીસમીની રાતે બધાને અનહદ મજા કરાવી હતી. એટલે છેલ્લી બેઠકમાં બધા એમના વારાની રાહ જોતાં હતા. મુસાફિર ભલે છેલ્લા આવ્યા, પણ અવ્વલ શાબાશી મેળવી ગયા. એમની આઝાદીવાળી ગઝલે બધાના ચિત્ત ઝકઝોળી નાખ્યા. પણ જલસો કરાવ્યો 'ડખા' એ, બાપ રે! આપણા જીવનમાં આટલા બધા ડખા હશે એની તો આ ગઝલ સાંભળ્યા પછી જ ખબર પડી. પાલનપુરીએ પોતાની બોકબોલીમાં એવી અદ્ભૂત ગઝલો લખી છે કે એમની ગઝલો સાંભળતા સાંભળતા લોકોના હાથ દુઃખી જાય છે, તાળીઓ પાડી પાડીને. આ લેખની શરુઆત કરી ત્યારે મારો વિચાર સંત બાલમુકુંદ દવે અથવા વેણીભાઈ પુરોહિતની કવિતા રજૂ કરવાનો હતો. અહીં સુધી આવતા એવું થાય છે કે મુસાફિર પાલનપુરીની ગઝલ રજૂ કર્યા વગર નહીં રહી શકાય. આટલી ગુસ્તાખી માફ કરશો ને?

**પાલણપૂરકો બોલી...**

દૂર આંબે પર કોયલ બોલી,
રસકી જોંણે કેરીઓ ઘોલી!
આજકે આગેવોંન રમેં હે
ખુલ્લી ઓંખે ઓંખ મિલાવી.
સંત કબીર બી કેવે તોબા!
જોંણે લૂટારોંકી ટોલી!
ગોંમકે ખેતર વેંચણેં કાઢો
તો જ મિલે મુંબઈમે ખોલી.
હુન્નરસી મૂ ફેરલિયા તો
હાથોંમેં પકળોંગે ઝોલી.
કિસ્મતકા ફૂટેગા સમજો
લાગણીયોંકુ જિસને તોલી.
પૈસા-પૈસા-પૈસા-પૈસા
જો દેખા મોં ઈસકી હોલી,
દેશકા કૂં પેમાલ વલે ના,
નેતા નિફ્ફટ, વસ્તી ભોલી.
સઊંકુ ડોલા દે હે કલંદર!
અપણેં પાલનપૂરકી બોલી!

-મુસાફિર પાલનપુરી

# જીવનમાં જો કોઈ તમારાં કાર્યોની પ્રશંસા ન કરે તો ચિંતા ન કરશો, કારણ તમે એ જગતમાં રહો છો જ્યાં તેલ અને દિવેટ બળે છે પરંતુ લોકો એમ કહે છે કે દીવો બળે છે

લાગણીનો મેળો
રસિક વાળંદ



**વાડ થઇ ચીભડાં ગળે, સોંઘી વસ્તુ ક્યાંથી મળે?**
**ખળું ખાતું હોય જો અન્ન, તો જીવે નહિ એકે જન.**
**કલ્પવૃક્ષ જો કેરી ખાય, તેનો ચોર ન પેદા થાય;**
**નવાણ પીતું હોયે નીર, જીવજંતુ ક્યમ ધારે શરીર?**
**મા મારે પય પીતાં બાળ, સત્યવાદી જો બોલે આળ;**
**રાજા થઈને લૂંટી લેય, પ્રજા કોણ આગળ જઈ ક્હેય?**

**- શામળ**

વડાપ્રધાનની ડીમોનીટાઈઝેશન ઝુંબેશ.... ચોતરફ સરાહના... આમ જનતાના રોજીંદા વ્યવહારમાં ખલેલ... નાણા મેળવવા હવાતિયાં..... પચાસ દિવસનું આશ્વાસન.... અકથ્ય હાલાકીમાં હિજરાતી પ્રજા... સરકારની નિત નવી જાહેરાતો — તુક્કાઓ.... તો બીજી તરફ 'ગાંધી વૈદ્યનુ સહિયારું' બેંક કર્મીઓ અને મોટા વગદારોની સાંઠગાંઠ... બેધડક પોતાનું કરી લીધું — આ સાવ નર્યા વાસ્તવના સહુ સાહેદ...

નાણાબંધીથી સત્તાધીશ — સંપત્તિવાન શેઠ — શાહુકારોને ક્યાય કશી જ તકલીફ હોય એવું જણાતું નથી. આતો....

**"ન્યાય, નીતિ સૌ ગરીબને, મોટાને સહુ માફ,**
**વાઘે માર્યું માનવી એમાં શો ઇન્સાફ?"**

જેવો ઘાટ નજરે ચડે છે. અરે, નોટબંધી પછી બારોબાર થયેલા કાળા કારોબારની ઘટનાઓ હચમચાવી જાય છે. આવે ટાણે ચંદ્રકાંત બક્ષીના શબ્દો યાદ આવે..."... આઝાદી પછી જીંદગી મોળી થઈ ગઈ. અંગ્રેજ સાહેબો શુ માણસો હતા? હવે તો મગતરા બણબણે છે. રાજા-નવાબો કદ્રદાન હતા, ખાનદાની ખૂન એમની રગોમાં વહેતું હતું. હવે તો કાળા રૂપિયા અને કાળું લોહી આખા દેશમાં ફેલાઈ ગયા છે. સફેદ કપડાંવાળાઓએ આખા દેશને કાળો કરી નાંખ્યો."

દોસ્તો, નાણાબંધીથી સર્જાયેલી અંધાધૂંધીમાં પ્રમાણિકતા પડકારરૂપ હોવાનું અનુભવાય છે. ખેર, ધર્મરાજ યુધિષ્ઠિરના શાસનકાળની એક ઘટના છે. એક ખેડૂતે પોતાનું ખેતર બીજા ખેડૂતને વેચી દીધું. બીજા ખેડૂતે જયારે ખેતર ખેડવાનું શરુ કર્યું ત્યારે એક જગ્યાએ એનું હળ ધરતીમાં અટકી ગયું. ખૂબ પ્રયત્ન પછી પણ હળ આગળ ન વધ્યું. એટલે ખેડૂતે એ જમીન ખોદાવી. જોયું તો હળ એક કળશમાં ફસાયું હતું. કળશને બહાર કાઢ્યો. એ સુવર્ણમુદ્રાઓથી ભરેલો હતો.

ખેડૂતે હળ અને બળદને ત્યાં જ પડતાં મૂક્યાં અને તરત જે ખેડૂતે એને ખેતર વેચ્યું હતું એની પાસે એ ગયો. બોલ્યો, "આ કળશ તમારો છે, રાખી લો. ખેતરમાંથી એ મળ્યો છે. મેં તમારી પાસેથી જ્યારે ખેતર ખરીદ્યું ત્યારે મેં આ માટીની જમીનની કિંમત તમને ચૂકવી હતી, કળશની નહિ. એમાં તો સુવર્ણમુદ્રાઓ છે. કદાચ તમારા પૂર્વજોએ આ કળશ જમીનમાં દાટ્યો હશે. એના ઉપર મારો અધિકાર નથી."

વળતો જવાબ આપતા પહેલો ખેડૂત બોલ્યો, "ભાઈ! આ કળશ તો હવે તમારો જ છે. મેં તો તમને મારું ખેતર વેચી દીધું.... પછી એમાંથી માટી નીકળે તોય તમારી અને સોનું નીકળે તોય તમારું. એની સાથે મારે કોઈ લેવા દેવા નહિ."

પહેલો ખેડૂત એ કળશ બીજાને અને બીજો ખેડૂત પહેલાને આપવા તલપાપડ હતો. બેમાંથી કોઈ એ કળશને પોતાની પાસે રાખવા તૈયાર નહોતા. આખરે આ વિવાદ મહારાજ યુધીષ્ઠીરના દરબારમાં પહોંચ્યો. એમણે બંનેને સમજાવવા પ્રયત્ન કર્યો પણ વ્યર્થ! બંને જણ સુવર્ણમુદ્રાઓને "પારકું ધન" માનતા. કોઈ લેવા તૈયાર ન હતા. આ આનાકાનીમાં બંને ખેડૂતે સૂચવ્યું કે "મહારાજ! અમારા બેમાંથી તો કોઈ કળશ નહિ લે. માટે આપ જ એને રાજ્યના કોષમાં જમા કરી દો."

પરંતુ યુધિષ્ઠિરે કહ્યું. "હુ પણ આ કળશને રાજ્યના કોષમાં કેવી રીતે જમા કરી શકું? જ્યારે તમારા જેવા અભણ અને નિર્ધન ખેડૂતો આટલી પ્રમાણિકતા દાખવતા હોય, માત્ર ઈમાનદારીનો પૈસો જ પોતાની પાસે રાખતા હોય... વધારાનો કે અણહકનું લેવાનો ધરાર ઈનકાર કરતા હો તો હું કેવી રીતે લઈ શકું? રાજ્યના કોષમાં પણ બેઈમાનીનો એકેય પૈસો નથી! આખરે એ ગામના એક ગરીબ ખેડૂતની કન્યાના લગ્નમાં એ ધનનો ઉપયોગ કરવામાં આવ્યો.

આજે આવું ક્યાંય શોધ્યું જડે ખરું?!! આ યક્ષપ્રશ્ન આપણી સામે વિકરાળ રૂપ ધારણ કરી ઉભો છે. પરંતુ એનો ઉકેલ આપણા હાથમાં છે. વ્યક્તિગત કે સામૂહિક શુભસંકલ્પની આ વાત છે. પ્રત્યેકની શુભભાવનાનાં તરંગો વિસ્તરશે તો જ સર્વત્ર શુભત્વ લહેરાશે....

મિત્રો, હાલની નોટબંધીમાં રાષ્ટ્રહિત ખાતર આમ જનતાએ મૂંગે મોએ મુશ્કેલીઓ વેઠી પરંતુ ક્યાંય રાડારાડ કરી નથી. શાણપણ દાખવ્યું. સૌ રાષ્ટ્રનું ભલું ઈચ્છે છે છતાં "ખાટલે મોટી ખોડ" ની જેમ પ્રજા કલ્યાણ વાસ્તે લેવાયેલું આ કડક કદમ "ચલક ચલાણું" તો સાબિત નહિ થાય ને??! નાણાબંધીથી ઉદભવેલી સમસ્યાઓ ક્યારે હળવી થશે?! રૈયત ઈચ્છે છે સરકારના સરાહનીય પ્રયાસનો ફિયાસ્કો ન થાય.

સર્વમંગલની અદકી આશાએ રાંકડી રૈયત કતારોમાં ખડી થઈ છે. બિચારા રોજમદારોએ રોજીંદી આવક ગુમાવી છે. મંદીનો સામનો કર્યો છે. રૈયત આ યજ્ઞીય કાર્યમાં આહુતિરૂપ બની છે!! આ સમજાશે ખરું?!

***સ્પર્શમણિ***

જીવનમાં જો કોઈ
તમારાં કાર્યોની પ્રશંસા ન કરે
તો ચિંતા ન કરશો.
કારણ, તમે એ જગતમાં રહો છો
જ્યાં તેલ અને દિવેટ બળે છે
પરંતુ લોકો એમ કહે છે કે દીવો બળે છે.

*- RASIKVALAD1965@GMAIL.COM*